# બ્રાન્ડ મેનેજર

બ્રાન્ડ મેનેજર, કંપની અથવા તેના ઉત્પાદનોની સકારાત્મક બ્રાન્ડ ઈમેજ અથવા ધારણા બનાવા માટેની વ્યૂહરચના નક્કી કરે છે. બ્રાન્ડ મેનેજર સુનિશ્ચિત કરે છે કે કોઈ ચોક્કસ કંપની લોકોની વચ્ચે પોતાની લોકપ્રિયતા સતત જાળવી રાખે.




## વ્યક્તિગત નિપુણતા

- તમે સર્જનાત્મક અભિગમ ધરાવો છો
- તમને વિગતો પર ધ્યાન આપવું ગમે છે
- તમે સબળ પ્રેઝન્ટેશન કૌશલ્ય અને સંચાર કૌશલ્ય ધરાવો છો
- તમને નેતૃત્વ કરવું ગમે છે

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧૪,૦૦૦ થી ૪,૫૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. બિઝનેસ અને માર્કેટિંગમાં સ્નાતક(BA)ની ડિગ્રી પૂર્ણ કરો. **અથવા**

બિઝનેસ અને માર્કેટિંગમાં સ્નાતક(BA)ની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન વિષયમાં અનુસ્નાતક (MA)ની ડિગ્રી મેળવો.
**અથવા**

જાહેરાત, માર્કેટિંગ, બ્રાન્ડ મેનેજમેન્ટ સંબંધિત અભ્યાસક્રમોમાં ડિપ્લોમા અને પી.જી.ડી.એમ. કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

કારકિર્દીની શરૂઆતમાં બ્રાન્ડ મેનેજરનું અંદાજીત માસિક વેતન **રૂ. ૪૫,૦૦૦ થી ૫૫,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત : https://bit.ly/3QxJpCp

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** મીડિયા અને મનોરંજન ઉદ્યોગ, બ્રાન્ડિંગ અને વિજ્ઞાપન કંપનીઓ, વિજ્ઞાપન એજન્સીઓ.

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમે ઓફિસમાં દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે. તમારી કામગીરીમાં તમારે ટીમનું સંચાલન કરવાની તેમજ કંપનીના આધારે અમુક હદ સુધી મુસાફરી કરવાનો સમાવેશ થાય છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

માર્કેટ રિસર્ચ એનાલિસ્ટ/બ્રાન્ડ એક્ઝિક્યુટિવ → વરિષ્ઠ બ્રાન્ડ એક્ઝિક્યુટિવ્સ/એએમ બ્રાંડિંગ → બ્રાન્ડ મેનેજર → બ્રાન્ડ હેડ → માર્કેટિંગ હેડ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

બ્રાન્ડ મેનેજમેન્ટ, બ્રાન્ડ મેનેજર, બ્રાન્ડિંગ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. આઈ.આઈ.એમ. અમદાવાદ
૨. આઈ.આઈ.એમ. બેંગલુરૂ
૩. એમ.એસ.યુ., વડોદરા
૪. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ મેનેજમેન્ટ, રાંચી
૫. આઈ.આઈ.એમ., ઈન્દોર
૬. તમિલનાડુ ઓપન યુનિવર્સિટી, ચેન્નાઈ
૭. શહીદ સુખદેવ કોલેજ ઓફ બિઝનેસ સ્ટડીઝ, દિલ્હી
૮. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. નવરચના યુનિવર્સિટી, વડોદરા
૨. માઈકા (એમ.આઈ.સી.એ.), અમદાવાદ
૩. સ્કૂલ ઓફ બિઝનેસ, યુનિવર્સિટી ઓફ પેટ્રોલિયમ એન્ડ એનર્જી સ્ટડીઝ, દેહરાદૂન
૪. અજીંક્ય ડી.વાય. પાટીલ યુનિવર્સિટી, પુણે
૫. જી.જી.યુ., સિદ્ધપુર, ગુજરાત
૬. યુનિવર્સિટી ઓફ ટેક્નોલોજી, જયપુર
૭. જી.એમ.આઈ.યુ., ભાવનગર
૮. શ્રી ભગવાન મહાવીર જૈન ફર્સ્ટ ગ્રેડ કોલેજ, કોલાર

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

• ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
• ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

• NPTEL* સ્વયમ: https://onlinecourses.nptel.ac.in/noc22_mg82/preview
• www.ncs.gov.in
• www.skillindiadigital.gov.in
• https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેક્નોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**બ્રેન્ડા બેન્સ** સૌથી પ્રખ્યાત બ્રાન્ડ મેનેજરોમાંના એક છે. બ્રેન્ડાએ તેમના સશક્ત કોર્પોરેટ નેતૃત્વ સાથે બ્રાન્ડ નિર્માણના પોતાના અનેક વર્ષોના અનુભવને સાંકળીને વ્યક્તિગત નેતૃત્વના બ્રાન્ડિંગ માટેની એક સુદ્રઢ પ્રણાલીનું સફળ નિર્માણ કર્યું છે. તેણીએ હાર્વર્ડ સ્કૂલ ઓફ બિઝનેસમાંથી એમ.બી.એ. કર્યું હતું.*

સ્રોત : https://brendabence.com/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.